S.U.G College Of Education, Vasna, Ahmedabad

# અભ્યાસક્રમ વિકાસના સિદ્ધાંતો

## Curriculum Development Principles




Dr. Kiranben Jayantilal Patel,
Adhyapak S.U.G College Of Education, Vasna, Ahmedabad

# અભ્યાસક્રમ: વિભાવના અને સિદ્ધાંતો

Dr. Kiranben Jayantilal Patel

S.U.G College Of Education,Vasna,

Ahmedabad




**1.1 અભ્યાસક્રમ અને પાઠ્યક્રમની સંકલ્પના**

**1.2 અભ્યાસક્રમના ધ્યેયો અને લાક્ષણિકતાઓ**

**1.3 તફાવત : અભ્યાસક્રમનું માળખું, અભ્યાસક્રમ, પાઠ્યક્રમ, પાઠ્યપુસ્તક**

# 1.1 અભ્યાસક્રમ અને પાઠ્યક્રમની સંકલ્પના

## અભ્યાસક્રમનો અર્થ અને સંકલ્પના :

અભ્યાસક્રમ માટે અંગ્રેજી શબ્દ Curriculum વપરાય છે. જે મૂળ લેટિન શબ્દ currer પરથી ઉતરી આવેલ છે. Currer means a course run to reach a certain goals" અર્થાત કોઈ ચોક્કસ લક્ષ્ય પ્રતિ પહોચવા માટે કરેલી ગતિ એટ્લે અભ્યાસક્રમ એવો અર્થ થાય છે.

જૂની સંકલ્પના પ્રમાણે અભ્યાસક્રમ એટલે અધ્યતાઓને શીખવવાનું એવું વિષયવસ્તુ જે વર્ગખંડની ચાર દિવાલોની અંદર રહીને પૂર્ણ કરવામાં આવે છે.


આધુનિક વિચાર અનુસાર અભ્યાસક્રમ એટલે અધ્યેતાના સર્વાંગી વિકાસને ધ્યાનમાં લઈને સમગ્ર અનુભવોનો સમાવેશ એવો અર્થ થાય છે.

અભ્યાસક્રમ એ સમસ્ત શિક્ષણ પ્રક્રિયાનો પ્રાણ છે. શિક્ષણ પ્રક્રિયામાં ત્રણ મહત્વના પ્રશ્નો ઉદ્દભવે છે. વર્ગમાં ક્યારે શીખવવું ? કેવી રીતે શીખવવું? શું શીખવવું? શિક્ષણ પ્રક્રિયા સાથે જોડાયેલા પ્રથમ બે પ્રશ્નો ક્યારે અને કેવી રીતે એ બંને જ્યાં સુધી શું શીખવવું એ નક્કી ન થાય ત્યાં સુધી નિરર્થક બની જાય છે. આ શું શીખવવું એટલે જ અભ્યાસક્રમ તેથી અભ્યાસક્રમ એ શિક્ષણ પ્રક્રિયાનો સૌથી મહત્વનો ઘટક છે.


# શિક્ષણ પ્રક્રિયામાં અભ્યાસક્રમનું સ્થાન

શિક્ષણ પ્રક્રિયા ત્રણ પરિબળો પર આધાર મુખ્યત્વે આધાર રાખે છે.

1. શિક્ષક 2. વિધાર્થી 3. અભ્યાસક્રમ નીચેની આકૃતિ દ્વારા આ બાબત વધુ સ્પષ્ટ થશે



## શિક્ષણ પ્રક્રિયામાં અભ્યાસક્રમ કઈ રીતે ઉપયોગી છે. તે નીચેની આકૃતિ દ્વારા બતાવવામાં આવેલ છે.



# અભ્યાસક્રમની વ્યાખ્યાઓ ;

1. અભ્યાસક્રમ અધ્યાપકના હાથમાં એક એવું સાધન છે. જેના દ્વારા તે પોતાના અધ્યતાને પોતાના ઉદ્દેશો અને હેતુઓ અનુસાર ઢાળે છે. અને ચોક્કસ આકાર આપે છે.
2. શાળા દ્વારા સંચાલિત પ્રવૃત્તિઓ જે વાટે શાળાના ધ્યેય સધાય ટે અભ્યાસક્રમ
3. શાળાની અંદર કરવામાં આવતી વિષયવસ્તુને લગતી અને વ્યાવહારિક બધીજ પ્રવુત્તિઓ કે જે શાળાના ઉદ્દેશોને સિધ્દ્ધ કરવા માટે યોગ્ય હોય ટેમોનો સમાવેશ થાય છે. તેમાં માત્ર પાઠ્યક્રમ અને જ્ઞાન પ્રાપ્તિનો જ નહીં, પરંતુ વર્ગમાં અને વર્ગની બહાર કરવામાં આવતી પ્રવૃતિઓ સમાવેશ અભ્યાસક્રમમાં થાય છે.
4. અધ્યતા જે સમાજનું અંગ છે. એ સમાજ માટે અથવા ધંધા કે વ્યવસાય માટે તેને લાયક બનાવે. તેવી શ્રેષ્ઠ,સંભવિત તાલીમ અને અનુભવો પૂરા પાડવા માટે શાળાના નિરીક્ષણ હેઠળ રચાયેલ નિશ્ચિત શિક્ષણપ્રદ અનુભવોથી  રચાયેલું કલેવર એટલે અભ્યાસક્રમ

# પાઠ્યક્રમની(syallabus) સંકલ્પના(વિભાવના)

1. પાઠયક્રમ એ કોઈપણ એક ધોરણમાં એક વર્ષના સમયગાળા દરમ્યાન જુદા જુદા વિષય મુદ્દા શીખવવા માટેની માત્ર રૂપરેખા છે

2.પાઠયક્રમ એ નિર્ધારિત શૈક્ષણિક હેતુઓ પર આધારિત જીવનકેન્દ્રી વિષયોને યોગ્યતા અનુસાર સમાવે છે.

3.પાઠયક્રમ એ નિર્ધારિત ધોરણ કે કક્ષાને શીખવવાના મુદ્દાઓને સમાવે છે.
It includes subjects units for the teaching of an actual class.

4. પાઠયક્રમ  એટ્લે ચોક્કસ કક્ષાએ શીખવવાના ચોક્કસ મુદ્દાઓનો વિગતપૂર્ણ પ્રવુતિ કાર્યક્રમ.
The details of activity programme for actual class room implementation in terms of attainable  units is called a

# 1.2 અભ્યાસક્રમના ધ્યેયો અને લાક્ષણિકતાઓ

**સામાન્ય રીતે દરેક વિષયના અભ્યાસક્રમના ત્રણ મુખ્ય ધ્યેય હોય છે ,**

1. **ઉપયોગીતાનું ધ્યેય**
2. **સાંસ્કૃતિક ધ્યેય**
3. **માનસિક ઘડતરનું ધ્યેય**

**ઉપયોગીતાનું ધ્યેય:** વર્ગખંડમાં વિદ્યાર્થી વિવિધ વિષયોના અભ્યાસક્રમ દ્વારા જે કઈ શીખે છે તે વાસ્તવિક જગતમાં તેને ઉપયોગી નીવડે છે.સમાજની દરેક વ્યક્તિ ,પછી તે વેપારી હોય કે નોકરિયાત હોય કે પછી ઘર સંભાળતી સ્ત્રી હોય ,દરેક વ્યક્તિને પોતાના દૈનિક જીવનક્રમમા શાળામાં શીખેલા અભ્યાસક્રમનો આશ્રય લેવો પડે છે.દરેક વ્યક્તિ વિષયોના અભ્યાસક્રમનો સારામાં સારો ઉપયોગ કરી શકે તે પ્રમાણે અભ્યાસક્રમનું આયોજન કરવું જરૂરી છે,

**સાંસ્કૃતિક ધ્યેય:** માનવજીવનની એક વિશિષ્ટતા છે કે એને પરંપરાગત સંસ્કૃતિ છે બીજા જીવો માત્ર પ્રકૃતિ પર જીવે છે જ્યારે માનવીને હજારો વર્ષોની પેઢી દર પેઢી ,વિકસતા જ્ઞાનનો વારસો પ્રાપ્ત થાય છે આ જ્ઞાન વારસો તે સંસ્કૃતિ. એ સંસ્કૃતિમાથી સંસ્કારિતા ,યોગી ગુણો, અને સુખ સગવડના સાધનો મળે છે ,તેથી વિવિધ વિષયોના અભ્યાસક્રમનું સાંસ્કૃતિક દ્રષ્ટિએ શિક્ષણ અપાય

## માનસિક ઘડતરનું ધ્યેય:

જુદા જુદા અભ્યાસક્રમના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓના માનસિક સ્તરમાં વધારો થાય છે તેની વિચારશક્તિનો વિકાસ થાય ,તર્કબુધ્ધિ કરતાં શીખે ,નિર્ણય અને નૈતિક શક્તિમાં વધારો થાય વિષયોના અભ્યાસક્રમ દ્વારા પૂરી પડાતી પ્રવુતિથી વિદ્યાર્થીઓમાં કૌશલ્ય ખીલે છે

વિદ્યાર્થી વિકાસના ધ્યેયો અને હેતુઓ ઉપર્યુક્ત આદર્શોને અનુલક્ષીને સિધ્ધ કરવાના હોય છે.

## વિદ્યાર્થી વિકાસના ધ્યેયો :

1. વિદ્યાર્થી સુદ્રઢ શરીર અને આરોગ્યનું યોગ્ય જ્ઞાન મેળવે એવી પ્રવુતિઓને શાળાના શિક્ષણ માં અભ્યાસક્રમ દ્વારા વણી લેવાય.
2. વિદ્યાર્થી માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્ત કરે અને મનને તંદૂરસ્થ રાખતા શીખે એવા વિષયો અને પ્રવુતિઓને શાળાના શિક્ષણ માં અભ્યાસક્રમ દ્વારા વણી લેવાય.
3. અભ્યાસક્રમ વિદ્યાર્થીને પોતાના વિકાસની જરૂરિયાતો પ્રમાણે જ્ઞાન અને અનુભવ મેળવતા શીખે તેવો વય,કક્ષા અનુરૂપ હોવો જોઈએ.
4. વિદ્યાર્થી જીવનમાં આવી પડતાં પડકારરૂપ સંજોગોને ઝીલી લઈ તેમાં કામ કરતાં શીખે તેવા અનુભવો પૂરા પાડનાર હોવો જોઈએ.
5. અભ્યાસક્રમ વિદ્યાર્થીમાં વૈજ્ઞાનિક વલણ અને દ્રષ્ટિબિંદુ ખીલે અને તે તટ્સ્થપણે વિચાર કરતાં શીખે તેવી તાલીમ અને અનુભવો પૂરા પાડનાર હોવો જોઈએ.

# 1.2 અભ્યાસક્રમની લાક્ષણિકતાઓ

1. વિદ્યાર્થી અભ્યાસક્રમ દ્વારા જે કઈ શીખે તે તેના જીવનમાં ઉપયોગી હોવું જોઈએ
2. અભ્યાસક્રમ આસપાસના પર્યાવરન સાથે સુસંગત હોવો જોઈએ
3. અભ્યાસક્રમ અધ્યેતાની આવશ્યકતાઓ તથા વયકક્ષાને અનુકૂળ હોવો જોઈએ.
4. અભ્યાસક્રમની રચના કરતાં પહેલા સમાજની આવશ્યકતાઓ અને સમાજનું હિત ધ્યાનમાં રાખવું જોઈએ.
5. અભ્યાસક્રમમાં lerning by doing ના સિધ્ધાંતને ધ્યાનમાં રાખવો જોઈએ.
6. વિધાર્થીઓની સર્જન શીલતા વિકસે એવી તકો તેમણે પ્રાપ્ત કરવી શકે એવો અભ્યાસક્રમ રચવો જોઈએ
7. વિધાર્થી અનુકૂલન સાધવા સક્ષમ બને. તથા પ્રભાવશાળી ભાવિ જીવન જીવવા સક્ષમ બને એવી શક્યતાઓ અભ્યાસક્રમમાં રહેલી હોવી જોઈએ
8. અભ્યાસક્રમ વિધાર્થીઓને પોતાની રોજ-બરોજની ક્રિયાઓનો પર્યાવરણ સાથે અનુબંધ સાધવામાં સહાયક બનતો હોવો જોઈએ
9. આપણી સંસ્કૃતિ અને સભ્યતાને સુરક્ષિત રાખી તેમાં પોતાના તરફથી ઉમેરો કરી અગલી પેઢીને આ વારસો સોપવામાં અભ્યાસક્રમ સહાયક બને તેવો હોવો જોઈએ

# 1.2 અભ્યાસક્રમની લાક્ષણિકતાઓ

10. સમાજની બદલાતી જરૂરિયાતો તથા પરિસ્થિતી અનુસાર અભ્યાસક્રમ પરિવર્તનશીલ હોવો જોઈએ

11. અભ્યાસક્રમ વિદ્યાર્થીને અનુભવોની તક પૂરી પડે તેવો હોવો જોઈએ.

12. અભ્યાસક્રમના ઉદ્દેશો વાંચી, જાણી, સમજી શકાય તેવા સ્પષ્ટ હોવા જોઈએ°

13. અભ્યાસક્રમના મુદ્દાઓમાં માહિતીનું ઊંડાણ અને સંકલ્પનાની સ્પષ્ટતા આવવી જોઈએ

14. અભ્યાસક્રમની રચના વિદ્યાર્થીના પૂર્વજ્ઞાન આધારિત હોવી જોઈએ.

15. અભ્યાસક્રમ ક્રમિક રીતે વિકાસ પામતો હોવો જોઈએ.જેથી પુનરાવર્તન અને છીછરા પણાનો ભય ટળી જાય.

16. અભ્યાસક્રમ અધ્યેતાઓમાં સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય પ્રશ્નો અંગે સૂઝ પેદા કરે તેવો હોવો જોઈએ,

17. અભ્યાસક્રમ અધ્યેતાઓમાં વૈજ્ઞાનિક વલણ ઘડે તેવો હોવો જોઈએ.

18. અદ્યતનમા અદ્યતન સંશોધનોને લગતા મુદ્દાઓને પણ અભ્યાસક્રમમાં સ્થાન મળવું જોઈએ.